જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.3/૧/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી, ૪૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૮૧/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭/૧૭

**કાગડાપીઠ**ઃ બચ્ચનસિંહ ઓમપ્રકાશસિંહ રાજપુત (ઉ.વ..૩૩) (રહે.બ્લોક નં. ૩૫૦/૧૮૨૭ ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ તા.૦૨/૦૧/૧૭ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા દોઢ વર્ષથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દિનેશકુમાર જબ્બરસિંહ રાજપુરોહીત અને (૨) મહેન્દ્રભાઇ પુરોહીત (બન્ને રહે. પુષ્પ ઇન્ડસ્ટ્રીયલપાર્ક ન્યુ રાયપુર મીલ કંપાઉન્ડ રખિયાલ) એ ભેગા મળી રાયપુર દરવાજા બહાર ન્યુ કલોથ માર્કેટ સ્વસ્તિક એન્ટરપ્રાઇઝ ફર્મ નામની પોતાની દુકાનમાથી બચ્ચનસિંહ રાજપુત પાસેથી સુટીગનુ કાપડ કિમત રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- ખરીદ કરી નાણા નહી ચુકવી બચ્ચનસિંહ રાજપુત સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**નવરંગપુરા**ઃ વિનોદભાઇ લક્ષ્મણભાઇ યાદવ (રહે. ધર્મનગર સોસાયટી,એ.કે.રોડ સુરત) એ તા.૦૨/૦૧/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૭/૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મીહીરભાઇ પ્રવિણચંન્દ્ર દેસાઇ અને (૨) તોશાલબેનમીહીરભાઇ દેસાઇ (બન્ને રહે. ઉપલાવ કો.ઓ. હાઉસીંગ સોસાયટી, લી જવાહરનગર પાછળ સરખેજ રોડ વાસણા) એ ભેગા મળી નવરંગપુરા લો ગાર્ડન ક્રોસ રોડ, લો ગાર્ડનની સામે, હાઇસ્ટ્રીટ-૧ બિલ્ડીંગમાં બીજે માળ આવેલ ઇન્ડીયા ઇન્ફોલાઇન હાઉસીંગ લિ.કંપનીની ઓફીસમાં મોર્ગેજ કરી રૂપિયા ૨,૮૫,૦૦,૦૦૦/- લોન મેળવી, લોનની રકમ નહી ભરી વિનોદભાઈની કંપનીમાં મોર્ગેજ કરેલ પ્રોપર્ટી કંપનીની જાણ બહાર ખોટા ડોક્યુમેન્ટ બનાવી પલ કોસ્કેમ પ્રા.લી. કંપનીને મોર્ગેજ કરી તથા કાનજીભાઇ કે.પટેલ અને વિપુલભાઇ.કે.પટેલ નાઓને કબજા વગરનો બાનાખત કરી આપી કંપની સાથે વિશ્ર્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮/૧૭</u>**

**વેજલપુરઃ** હબીબભાઇ પીરભાઇ અજમેરી (રહે. કાજલપાર્ક સોસાયટી ખુરશીદપાર્ક પાસે જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૧૭ રાતના ૮/૧૫ રાતના ૯/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના બેડરૂમના બાથરૂમની જાળી વાળી બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી જે.એન.પરમાર ચલાવે છે.

**નરોડાઃ** હબીબભાઇ પીરભાઇ અજમેરી (રહે. કાજલપાર્ક સોસાયટી ખુરશીદપાર્ક પાસે જુહાપુરા) એ તા.૦૨/૦૧/૨૦૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૧૬ કલાક ૯/૦૦ થી તા.૩૧/૧૨/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ઘરવખરીનો સામાન અને ટી.વી. મળી કુલ કિમત રૂપિયા ૬૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**ઈસનપુરઃ** **(૧)** વિદ્યાબહેન ડો/ઓ દામોદરભાઇ સાઠે (ઉ.વ.૬૫) (રહે. જેશીંગપાર્ક સોસાયટી સરદાર પટેલ સ્કુલની બાજુમાં ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૦૨/૦૧/૨૦૧૭ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૧૬ બપોરના ૩/૦૦ થી તા.૦૨/૦૧/૧૭ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એમ ડી પંચાલ ચલાવે છે.

**(૨)** તારીકાલી અખ્તરાલી સૈયદ (રહે.નવાબ રેસીડેન્સી શાલીમાર સિનેમા પાછળ રાજસ્થાન સોસાયટીની બાજુમાં શાહઆલમ) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૧/૨૦૧૭ સવારના ૧૦/૩૦ થી બપોરના ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૦૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી જે આર ઝાલા ચલાવે છે.

**<u>લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯/૧૭</u>**

**બાપુનગરઃ** બાલકૃષ્ણભાઈ પરષોત્તમદાસ પટેલ (ઉ.વ.૭૫) (રહે. પરફેક્ટ ઈન્ડસ્ટ્રીયલ ડીઝાઈનર શેડ નં. ૦૧ માણેકલાલ એસ્ટેટ એચ.બી.આઈ કોર્નર મ્યુ.એસ્ટેટ પાસે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૧/૨૦૧૭ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર SBI કોર્નર પાસે માણેકલાલ એસ્ટેટ શેડ નં ૧ પરફેક્ટ ઈન્ડસ્ટ્રીયલ ડીઝાઈનર નામના કારખાનામાં ચાર અજાણ્યા પુરૂષો ઘુસી જઈ બાલકૃષ્ણભાઈને છરી બતાવી મારી નાખવાની ધમકી આપી કારખાનાના કબાટમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- તેમજ સી.સી.ટીવી. કેમેરાનુ ડી.વી.આર. કિમત રૂપિયા ૫૦૦/- અને ટ્રાવેલીંગ બેગ કિમત રૂપિયા ૪૫૦/- લુંટ કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી સી જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦/૧૭</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન** :- સરીતાબહેન કલ્પેશભાઇ પટેલ (ઉ.વ.૨૯)(રહે,ગામઃ ભાણપુરા તા.ઇડર, જી.સાબરકાંઠા) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૧/૧૭ ના કલાક ૭/૫૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે મણીનગર ગુરૂદ્વારા ત્રણ રસ્તા નજીક સરીતાબહેનનાં પિતાશ્રી વિનોદભાઇ નટવરલાલ શાહ (ઉ.વ.૬૦)(રહે.મણીનગર, માલા બેન્ડવાળાની દુકાન પાસે) નાઓ રોડ ક્રોસ કરતાં હતા દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે વિનોદભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન વિનોદભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**<u>આત્મહત્યા:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧/૧૭</u>**

**ઓઢવઃ** આશાબહેન વા/ઓફ રાકેશભાઇ વર્મા (ઉ.વ.૨૩) (રહે. આગમનપાર્ક સોસાયટી વાલ્મીકીનગર સરણીયાવાસ પાસે ઓઢવ) એ કોઇ કારણસર તા ૩૧/૧૨/૧૬ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઉંદર મારવાની દવા પી લીધી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨/૧/૧૭ કલાક ૯/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી નટુજી પ્રતાજી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)